# S.D.ARTS & Shah B.R.COMMERCE COLLEGE,MANSA

UGBA SEM-II [Gujarati] (core) Paper-111-(2022-23)

MCQ- Prepared By Asso. Prof. Hemlataben B. Mehta

---

૧. 'લિરિક' (Lyric) નું ગુજરાતી પર્યાય શબ્દ જણાવો.
(A) ઊર્મિ (B) કલ્પના (C) પ્રતીક (D) પુરાકલ્પન

૨. ઊર્મિકાવ્ય માટે નવલરામે કયો શબ્દ પ્રયોજ્યો છે?
(A) ગીતકવિતા (B) સંગીતકવિતા (C) પ્રણયકવિતા (D) આધ્યાત્મિકકવિતા

૩. ઊર્મિકાવ્ય માટે 'ગીતકવિતા' એવો શબ્દ પ્રયોગ કોણે કર્યો છે?
(A) નવલરામ (B) બ.ક.ઠાકોર (C) નર્મદ (D) દલપતરામ

૪. દલપતરામનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
(A) ઇ.સ. ૧૮૨૧ (B) ઇ.સ. ૧૮૧૭ (C) ઇ.સ. ૧૮૧૯ (D) ઇ.સ. ૧૮૨૦

૫. દલપતરામના જન્મનું સ્થળ જણાવો .
(A) વઢવાણ (સુરેન્દ્રનગર) (B) રાજકોટ (C) ભાવનગર (D) સુરત

૬. 'દલપતકાવ્ય' કેટલા ભાગમાં વિભાજિત થયેલ છે?
(A) ૫ (B) ૨ (C) ૪ (D) ૩

૭. કયા ગુજરાતી કવિની કવિતામાં ઉખાણાં અને હડૂલાનો સમાવેશ થાય છે.
(A) બ.ક.ઠાકોર (B) નવલરામ (C) દલપતરામ (D) નર્મદ

૮. દલપતરામ કૃત 'વેનચરિત' કેવા પ્રકારનું કાવ્ય છે?
(A) પ્રબંધ (B) પદ્યવાર્તા (C) ફાગુ (D) આખ્યાન

૯. 'એક ભાવ કવિના સ્વભાવ પ્રણામે કાવ્યમાં ઉતરે તે લિરિક' –આ વ્યાખ્યા કોણે આપી છે?
(A) રસ્કિન (B) હેન્સી (C) હેગલ (D) નર્મદ

૧૦. દલપતરામને 'કવીશ્વર' નું બિરુદ કોણે આપ્યું ?
(A) બ.ક.ઠાકોર (B) કિન્લોક ફાર્બસ સાહેબે (C) નર્મદ (D) નવલરામ

૧૧. અર્વાચીન ગુજરાતી કવિતાની પહેલી કૃતિ કઇ છે?
(A) વેનચરિત (B) વીરસિંહ (C) 'બાપાની પીંપળ' (D) કબીરવડ

૧૨. 'મને ભાવી ગુજરાતી ભાષા' કાવ્યને આરંભે કયો છંદ મુકાયો છે?
(A) મનહર (B) ઝૂલણા (C) વસંતતિલકા (D) ચોપાઇ

૧૩. 'ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે' – આ પંક્તિ કયા કાવ્યની છે?
(A) રસજ્યોત (B) શરણાઇવાળો (C) ઊંટ કહે (D) કબીરવડ

૧૪. 'ઊંટ કહે' કાવ્યમાં કવિ ઊંટના કેટલાં અંગો વાંકા છે?
(A) ૧૬ (B) ૧૫ (C) ૧૮ (D) ૧૭

૧૫. 'પુરી એક અંધેરી ને ગંડુ રાજા' કાવ્યમાં અંધેરી નગરીમાં કોણ જઇ ચડે છે?
(A) પતિ-પત્ની (B) માતા-પિતા (C) સાધુ- સાધ્વી (D) ગુરુ-ચેલો

૧૬. દલપતરામે કયા કાવ્યમાં સાગરમંથનનું રૂપક પ્રયોજ્યું છે?
(A) હુન્નર નિમિત્તે દેશી મિત્રોને શીખ (B) કબીરવડ (C) રસજ્યોત (D) શરણાઇવાળો

૧૭. નર્મદ કયાંના વતની હતા ?
(A) ભરૂચ (B) સુરત (C) રજકોટ (D) વડોદરા

૧૮. નર્મદના જન્મની સાલ જણાવો.
(A) ઇ.સ.૧૮૩૩ (B) ઇ.સ.૧૮૩૫ (C) ઇ.સ.૧૮૩૧ (D) ઇ.સ.૧૮૩૦

૧૯. સૌ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો,ફતેહ છે આગે.' –આ પંક્તિ કયા કવિની છે?
(A) દલપતરામ (B) નર્મદ (C) કલાપી (D) ન્હાનાલાલ

૨૦. અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથાનું નામ જણાવો.
(A) ગઇ કાલ (B) સત્યના પ્રયોગો (C) 'મારી હકીકત' (D) મધ્યાહ્નનાં મૃગજળ

૨૧. નર્મદે કયુ સામાયિક પ્રકાશિત કરેલ?
(A) બુધ્ધિપ્રકાશ (B) સુદર્શન (C) સત્યપ્રકાશ (D) 'દાંડિયો'

૨૨. ગુજરાતી કવિતામા પ્રકૃતિને સ્વતંત્ર વિષય તરીકે સૌ પ્રથમ કયા કવિએ સ્થાન આપ્યું?
(A) નર્મદ (B) દલપતરામ (C) ન્હાનાલાલ (D) કલાપી

૨૩. 'અવસાનસંદેશ' નર્મદની ક્યા પ્રકારની રચના છે?
(A) પરલક્ષી (B) આત્મલક્ષી (C) નિસર્ગલક્ષી (D) અધ્યાત્મલક્ષી

૨૪. 'જ્યાં જ્યાં ગરવી ગુજરાત' કાવ્યમાં ધ્વનિ કયો છે?
(A) મૌલિકતા (B) વિસ્મિતતા (C) અસ્મિતા (D) એક પણ નહીં

૨૫. 'ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધૂમરો પહાડ સરખો' પંક્તિ કયા કાવ્યની છે?
(A) અવસાનસંદેશ (B) જ્યાં જ્યાં ગરવી ગુજરાત (C) કબીરવડ (D) ના હઠવું

૨૬. નર્મદના સંકલ્પબળ ને વીરત્વનું ધોતક પદ કયા કાવ્યને કહ્યું છે?
(A) ના હઠવું (B) કબીરવડ (C) અવસાનસંદેશ (D) જયાં જયાં ગરવી ગુજરાત
૨૭. 'આ તે શા તુજ હાલ?' માં નર્મદે કયા નગરની વાત કરી છે?
(A) ભરૂચ (B) સુરત (C) વલસાડ (D) નવસારી
૨૮. કલાપીનું મૂળ નામ જણાવો.
(A) બ.ક.ઠાકોર (B) નર્મદ (C) સૂરસિંહજી તત્ખસિંહજી ગોહિલ (D) ન્હાનાલાલ
૨૯. યુવાનોના કવિ તરીકે કોને ઓળખવામાં આવે છે?
(A) કાન્તને (B) બ.ક.ઠાકોરને (C) ન્હાનાલાલને (D) કલાપીને
૩૦. 'કલાપીનો કેકારવ' પુસ્તકના કવિનું નામ જાણાવો.
(A) કલાપી (B) ન્હાનાલાલ (C) કાન્ત (D) નર્મદ
૩૧. 'આપની યાદી' ગઝલના કવિનું નામ જણાવો.
(A) દલપતરામ (B) કલાપી (C) નર્મદ (D) કાન્ત
૩૨. 'ગ્રામમાતા' કાવ્યનું સ્વરૂપ જણાવો.
(A) સોનેટ (B) હાઇકુ (C) ખંડકાવ્ય (D) ગીતકાવ્ય
૩૩. 'મને જોઇને ઊડી જતાં પક્ષીઓને' કાવ્ય કયા છંદમાં લખાયેલું છે?
(A) ઉપજાતિ (B) પ્રુથ્વી (C) શિખરિણી (D) મંદાક્રાંતા
૩૪. 'સનમની શોધ' કયા પ્રકારની ગઝલ છે?
(A) ઇશ્કેહકીકી (B) ઇશ્કેમિજાજી (C) ઇશ્કેરંગીની (D) એક પણ નહીં
35. કાન્તનું મૂળ નામ જણાવો.
(A) સૂરસિંહજી તત્ખસિંહજી ગોહિલ (B) મણિશંકર રત્નજી ભટ્ટ (C) ન્હાનાલાલ (D) બ.ક.ઠાકોર
૩૬. 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહનું મુખ્ય આકર્ષણ કયુ છે?
(A) સોનેટ (B) ગઝલ (C) ખંડકાવ્ય (D) ગીતકાવ્ય
૩૭. કવિ કાન્તના એકમાત્ર કાવ્યસંગ્રહનું નામ જાણાવો.
(A) 'કુસુમમાળા' (B) 'ભણકારા' (C) 'કલાપીનો કેકારવ' (D) 'પૂર્વાલાપ'
૩૮. 'સાગર અને શશી' કાવ્યનો પ્રકાર જણાવો.
(A) પ્રકૃતિ (B) પ્રણય (C) પ્રભુભક્તિ (D) સ્થળવિશેષ

૩૯. 'ઉપહાર' કાવ્યમાં કવિ કાન્તે કોની મૈત્રીનો નિર્દેશ કર્યો છે?
(A) ન્હાનાલાલ (B) બ.ક.ઠાકોર (C) કલાપી (D) નર્મદ
૪૦. કાન્તની રાષ્ટ્રભક્તિ કયા કાવ્યમાં પ્રગટ થઇ છે?
(A) વસંતવિજય (B) ઉપહાર (C) કલાપીને સંબોધન (D) 'સાગર અને શશી'
૪૧. ડોલનશેલી સાથે ક્યા કવિનું નામ જોડાયેલું છે ?
(A) બ.ક.ઠાકોર (B) કલાપી (C) નર્મદ (D) ન્હાનાલાલ
૪૨. 'હરિના દર્શન' કાવ્યનાં કવિનું નામ જણાવો.
(A) ન્હાનાલાલ (B) કાન્ત (C) કલાપી (D) બ.ક.ઠાકોર
૪૩. 'એક જવાલા જલે તુજ નેનનમાં...' પંક્તિ કયા કાવ્યની છે?
(A) હરિના દર્શન (B) રસજ્યોત (C) પાર્થને કહો ચડાવે બાણ (D) વિરાટનો હિંડોળો
૪૪. માતા કુંતાની ઉક્તિ રૂપે રજૂ થયેલું ન્હાનાલાલનું કયુ કાવ્ય છે?
(A) રસજ્યોત (B) વિરાટનો હિંડોળો (C) પાર્થને કહો ચડાવે બાણ (D) હરિના દર્શન
૪૫.'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ, કે આભને મોભે બાંધ્યો દોર'-પંક્તિ કયા કાવ્યની છે?
(A) પાર્થને કહો ચડાવે બાણ (B) હરિના દર્શન (C) રસજ્યોત (D) વિરાટનો હિંડોળો
૪૬. ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ સૉનેટ સ્વરૂપની શરૂઆત કરનાર સર્જકનું નામ જણાવો.
(A) બ.ક.ઠાકોર (B) કલાપી (C) ન્હાનાલાલ (D) કાન્ત
૪૭. બ.ક.ઠાકોર કૃત 'ભણકારા' સૉનેટની રચનાસાલ જણાવો.
(A) **ઇ.સ.૧૮૮૫** (B) **ઇ.સ.૧૮૮૮** (C) **ઇ.સ.૧૮૮૩** (D) **ઇ.સ.૧૮૮૭**
**૪૮.** બ.ક.ઠાકોરનું ઉપનામ જણાવો.
(A) કલાપી (B) સુંદરમ C) સેહની (D) કાન્ત
૪૯. 'બેઠી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં'-પંક્તિ કયા કાવ્યની છે?
(A) વધામણી (B) ભણકારા (C) વર્ષાની એક સુંદર સાંજ (D) જૂનું પિયેરઘર
૫૦. 'વધામણી' સોનેટ કયા છંદમાં રચાયું છે?
(A) મંદાક્રાંતા (B) પ્રુથ્વી (C) શિખરિણી (D) ઉપજાતિ
૫૧.'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' (અર્વાચીન યુગ)ખંડ-૨(ગુચ્છ-૧)પુસ્તકનું સંપાદન કોણે કર્યુ છે?
(A) ચંદ્રકાન્ત શેઠ (B) રાવજી પટેલ (C) રાજેન્દ્ર શાહ
૫૨.'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક'(અર્વાચીન યુગ)ખંડ-૨(ગુચ્છ-૧)-અભ્યાસક્રમમાં પસંદ કરેલા કુલ કેટલા કાવ્યો છે?
(A) ૩૫ (B) ૨૫ (C) ૩૦ (D) ૧૫

૫૩. શિખરિણી છંદનાં અક્ષરોની સંખ્યા જણાવો.

(A) ૨૧ (B) ૧૯ (C) <u>૧૭</u> (D) ૧૧

૫૪.'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' (અર્વાચીન યુગ)ખંડ-૨(ગુચ્છ-૧)માં આવેલ પ્રથમ કાવ્યનું નામ જણાવો.

(A) ઉપહાર (B) <u>મને ભાવી ગુજરાતી ભાષા</u> (C) ભણકારા (D) સાગર અને શશી

૫૫. 'નહિ નાથ, નહિ નાથ, ન જાણો કે સવાર છે' – આ પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે?

(A) વધામણી (B) સનમની શોધ (C) <u>વસંતવિજય</u> (D) ઉપહાર

૫૬. 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' (અર્વાચીન યુગ)ખંડ-૨(ગુચ્છ-૧)પુસ્તકની પ્રથમ આવૃતિ કઇ સાલમાં પ્રગટ થઇ?

(A) **ઇ.સ.૨૦૧૫** (B) **ઇ.સ.૨૦૧૮** (C) **ઇ.સ.૨૦૧૨** (D) **<u>ઇ.સ.૨૦૧૧</u>**